# એસી ઓપીડી સાથે અદ્યતન નગરી હોસ્પિટલ શરૂ કરાશે

## ઈલેક્ટ્રિક બસ, સુઍઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કાદવ-કચરાથી ખાતર અને રેડિએશન થ્રુ બેકેટેરિયા ફ્રી કરવાના પ્રોજેકટો

અમદાવાદ, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ચિ.હ. નગરી આંખની હોસ્પિટલમાં ગુજરાતભરમાંથી તેમજ રાજસ્થાન અને મધ્ય પ્રદેશ જેવા પડાશી રાજયોમાંથી આંખના વિભિન્ન રોગોની સારવાર માટે દર્દીઓ આવે છે. નગરી હોસ્પિટલમાં વાર્ષિક આશરે ૩૦૦૦થી વધારે મોતિયાનાં ઓપરેશન થાય છે પરંતુ તંત્ર વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને નવી ૧૦૦ બેડ ધરાવતી અતિ આધુનિક હોસ્પિટલનું નિર્માણ કર્યું છે. હાલની નગરી હોસ્પિટલના પરિસરમાં નવનિર્મિત નગરી હોસ્પિટલનું આવતીકાલે સવારે દસ વાગ્યે મુખ્યપ્રધાન વિજય રૂપાણીના હસ્તે લોકાર્પણ થવાનું હતું પરંતુ આજે મુખ્યમંત્રીની તબિયત અચાનક બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને તેના કારણે અમ્યુકોના તમામ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી જે ઉદ્ઘાટન કરવામાં આવ્યા હતા, તેમાં મુખ્યમંત્રી હાજર નહી રહી શકે પરંતુ આ કાર્યક્રમોના ઉદ્ઘાટન યથાવત્ રહેશે. અન્ય કોઈ મંત્રી કે મહાનુભાવ દ્વારા ઉદ્ઘાટન કરાય તેવી શકયતા છે. આ સાથે શહેરમાં સૌપ્રથમવાર ઈલેક્ટ્રીક બસ, જન ઇ રીક્ષા, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કાદવ-કચરામાંથી ખાતર અને રેડિએશન થ્રુ બેકેટેરિયા ફ્રી કરવાના પ્રોજેકટ સહિતના ઉદ્ઘાટન કાર્યક્રમો પણ છે. તો, રિવરફ્રન્ટ પર પાર્કિંગ અને સ્પોર્ટસ કોમ્પલેક્ષ પ્રોજેકટના ખાતમૂર્હુત અને પ્રહલાદનગર ખાતે મલ્ટિલેવલ પાર્કિંગ પ્રોજેકટ સહિતના કાર્યક્રમોનું પણ ખાતમૂર્હુત-ઉદ્ઘાટનના કાર્યક્રમો છે. તંત્ર દ્વારા નવી નગરી હોસ્પિટલના નિર્માણનું ખાતમૂર્હુત વર્ષ ૨૦૧૬માં તત્કાલીન મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલના હસ્તે કરાયું હતું. આશરે ૮૭૩૫.૮૯ સ્કેવર મીટરના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ પૈકી ૧૬,૭૧૧,૮૧ સ્કેવર મીટરનું કન્સ્ટ્રકશન એરિયા હોઈ તેમાં બેઝમન્ટ વત્તા ગ્રાઉન્ડ ફલોર વત્તા આઠ માળનું બાંધકામ કરાયું છે. નવી નગરી હોસ્પિટલના નિર્માણ પાછળ કુલ રૂ.૪૭.૨૮ કરોડ ખર્ચાયા છે. આ અંગે હોસ્પિટલ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, નવી નગરી હોસ્પિટલમાં દર્દીઓ માટે કમ્પ્યૂરાઈઝ કેસ રજિસ્ટ્રેશન કીકી, ઝામર, ત્રાંસી આંખ, પ્લાસ્ટિક સર્જરી, પડદા, લેસિક અને કોન્ટેક્ટ લેન્સ ક્લિનીક સહિત કુલ સાત જેટલી એસી ઓપીડી છે. ૩૫ પુરુષ, ૩૫ સ્ત્રી વત્તા ડે કેર વોર્ડ અને અન્ય મલ્ટી ફેસિલિટીના ૩૦ બેડ મળીને કુલ ૧૦૦ બેડની વ્યવસ્થા ઊભી કરાઈ છે. નવી નગરી હોસ્પિટલમાં પાંચ સ્પેશિયલ રૂમ, આઠ આધુનિક ઓપરેશન થિયેટર, દર્દીનાં સગાં માટે એટેન્ડન્ટ બેડની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. તેમ જણાવતા હોસ્પિટલ કમિટીના ચેરમેન દેવાંગ દાણી કહે છે, દર્દીના સગા માટે અલાયદો ડાઈનિંગ રૂમ, ઓપીડીના પ્રતીક્ષા વિભાગમાંથી લાઈવ ઓપરેશન જોવાની સુવિધા, તમામ માળે સીસીટીવીન વ્યવસ્થા તેમજ વાઈ ફાઈની પણ સગવડ અપાઈ છે. નવી હોસ્પિટલગ્રાઉન્ડ ફલોર વત્તા ચાર માળ હોસ્પિટલ બિલ્ડિંગ અને પાંચથી આઠ માળ રેસિડેન્ટ કવાર્ટર છે. નવી નગરી હોસ્પિટલના નિર્માણ પાછળ રૂ.૩૬,૮૬ કરોડ અને ઈન્ટીરિયર વર્કના રૂ.૧૦.૪૨ કરોડ ખર્ચાયા છે. જેમાં ૨૦૦ બેઠકની ક્ષમતા ધરાવતા કોન્ફરન્સ રૂમ, ફાયર સેફટી, બેઝમેન્ટ પાર્કિંગ ઉપરાંત વિશાળ ખુલ્લી જગ્યામાં ટુ વ્હીલર પાર્કિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાઈ છે.




# પાલિકાઓમાં સફાઇ કામદારો હડતાળ પર ઉતરશે

## સુરેન્દ્રનગરમાં આવેલી નગરપાલિકાઓમાં સફાઇ કામદારોનું આર્થિક શોષણની રાવ ઉઠી છે. ત્યારે ૫ માર્ચના રોજસમગ્ર ગુજરાતમાં સફાઇ કામદારોની સામુહિક હડતાળ જાહેર કરવામાં આવી છે.

સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી નગરપાલિકાઓમાં સફાઇ કામદારોનું આર્થિક શોષણની રાવ ઉઠી છે. ત્યારે તા. ૫ માર્ચના રોજસમગ્ર ગુજરાતમાં સફાઇ કામદારોની સામુહિક હડતાળ જાહેર કરવામાં આવીછે. આથી સુરેન્દ્રનગર જિલ્લાની પાટડી, લીંબડી સહિતની નગરપાલિકાના સફાઇ કામદારોએ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીફ ઓફિસરને નોટીસો પાઠવી છે. ત્યારે આગામી સમયમાં શહેરી વિસ્તારોમાં સફાઇ ન થતાં કચરાના ઢગ અને રોગચાળાનો ભય ઉભો થયો છે. ગુજરાતમાં ૧૬૨ નગરપાલિકાના સફાઇ કામદારો દ્વારા સફાઇ કામદાર મહામંડળ બનાવવામાં આવ્યુ છે. આ મહામંડળ દ્વારા સફાઇ કામદારોના પ્રાણ પ્રશ્નોને અવાર નવાર વાંચા આપવામાં આવે છે. ઝાલાવાડના વઢવાણ, સુરેન્દ્રનગર ,થાન, ચોટીલા, પાટડી, ધ્રાંગધ્રા, લીંબડી વગેરે નગરપાલિકાઓમાં અવાર નવાર સફાઇ કામદારો આંદોલન પણ કરે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી નગરપાલિકાઓમાં સફાઇ કામદારોનું આર્થિક શોષણની રાવ ઉઠી છે. ત્યારે તા. ૫ માર્ચના રોજસમગ્ર ગુજરાતમાં સફાઇ કામદારોની સામુહિક હડતાળ જાહેર કરવામાં આવીછે. આથી સુરેન્દ્રનગર જિલ્લાની પાટડી, લીંબડી સહિતની નગરપાલિકાના સફાઇ કામદારોએ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવાની ચીફ ઓફિસરને નોટીસો પાઠવી છે. ત્યારે આગામી સમયમાં શહેરી વિસ્તારોમાં સફાઇ ન થતાં કચરાના ઢગ અને રોગચાળાનો ભય ઉભો થયો છે. સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકોના પ્રમુખો અને ચીફ ઓફિસરોને હડતાળની નોટીસો આપવામાં આવી છે. જેમાં કામદારોને થતાં અન્યાય અંગે વારંવાર રજૂઆત કરવામાં આવી છે. જેમાં ફિક્સ પગારદાર અને કરાર આધારીત સફાઇ કામદારોનું શોષણ કરવામાં આવે છે. આથી પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો અચોક્કસ મુદત હડતાળની ચિમકી પણ આપવામાં આવી છે. આ અંગે મયુરભાઇ પાટડીયા, કસતુરભાઇ મકવાણા, ઠાકોરભાઇ સોલંકી વગેરે દ્વારા આ હડતાળને સફળ બનાવવા માટે દોડધામ કરવામાં આવી રહી છે.

# મોરબી હાઈવે પરના શક્તિ ચેમ્બરમાં ચાના ધંધાર્થીએ મફતમાં ચા વેચી જવાનોની શૌર્યગાથાને બિરદાવી

મોરબી, પુલવામા હુમલા બાદ ભારતે કરેલી વળતી સૈન્ય કાર્યવાહીમાં જૈશે મહમદના ત્રણસોથી વધુ આતંકીઓનો સફાયો થતા દેશભરમાં ખુશીનો માહોલ છવાયો છે. લોકો અલગ અલગ પ્રકારે સેનાની આ બહાદુરીને સલામી આપી વધાવી રહ્યા છે. ત્યારે સોશિયલ મીડિયામાં દેશદાઝ, દેશપ્રેમનું જાણે પુર આવ્યું છે. પણ ખરા અર્થમાં ગાંઠનું ગોપીચંદન કરીને દેશદાઝ દર્શાવવાનો સમય આવે ત્યારે મોટાભાગના લોકો ફંડ ફાળો એકઠો કરીને દેશદાઝ દર્શાવતા હોય છે. આ રીતે પણ દેશભાવના પ્રબળ બનાવવી એ સારી બાબત જ છે. પરંતુ એક નાના માણસને જ્યારે ઝનૂન પૂર્વક દેશદાઝ દર્શાવવાનો મોકો મળે છે ત્યારે એની સામે ભલભલા દાનવીરોના લાખોના દાન પણ ઝંખવાય જાય છે. આવો જ એક કિસ્સો મોરબીમાં સામે આવ્યો છે. મોરબી હાઈવે પર શક્તિ ચેમ્બર ૨માં ચાની કેબીન ધરાવતા કિરીટભાઈ નામના ચાના નાના ધંધાર્થીને ભારતીય વાયુ સેનાએ કરેલા પરાક્રમથી એટલો બધો જુસ્સો ચડ્યો કે એમણે એક આખો દિવસ તમામ લોકોને, દિલથી બહુ આગ્રહ કરી કરીને મફત ચા પીવડાવીને પોતાનો હરખ વ્યક્ત કર્યો. આ હરખનું કારણ એ પણ ખરું કે એમનો પુત્ર પણ ભારતીય સેનામાં આવા જ બહાદુર સૈનિક માનો એક સાથી છે. કિરીટભાઈનો પુત્ર વિરેન્દ્રસિંહ મધ્યપ્રદેશમાં સેનામાં ફરજ બજાવે છે. તાજેતરમાં જ પુત્ર રજા પર આવ્યો હતો. પણ સરહદ પર તંગદિલીના પગલે તમામ જવાનોની રજાઓ કેન્સલ થઈ જવાથી તે ફરજ પર પરત ફર્યો છે. મધ્યપ્રદેશના સંબલપુરમાં વિરેન્દ્રસિંહની ડયુટી લાગેલી છે. ભારતીય સૈન્યના એક જવાનના પિતા હોવાનું ગૌરવ ધરાવતા કિરીટભાઈએ આખા દિવસ દરમ્યાન આશરે બસ્સોથી વધુ લોકોને આગ્રહ પૂર્વક નિઃશુલ્ક ચા પીવડાવીને બહાદુર જવાનોના શૌર્યને બિરદાવતા સ્થાનિકોએ આવી પ્રેરણાત્મક રાષ્ટ્રભાવનાને વધાવીને ચાના સ્વાદમાં અમૃતનો રસાનુંસ્વાદ અનુભવ્યો હતો.

# બાયડ-કપડવંજ હાઈવે પર બે ટ્રકો વચ્ચે અકસ્માત સર્જાતાં ચાલકનું મોત નીપજ્યું

બાયડ, બાયડ કપડવંજ હાઈવે દિવસેને દિવસે ગોઝારો સાબીત થઇ રહ્યો છે. ગુરૂવારે વહેલી સવારે બાયડ કપડવંજ હાઈવે પર ડેમાઈ નજીક બે ટ્રકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ટ્રક ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતુ. જયારે અન્ય ટ્રકમાં સવાર મુસાફરોને શરીરે ઈજાઓ થતાં સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયા હતાં. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાંથી લોકોના ટોળા ઉમટી પડ્યા હતાં. આ અંગેની વિગત અનુસાર ગુરુવારના વહેલી સવારે બાયડ કપડવંજ હાઈવે પર ડેમાઈ નજીક યુ.પીના બાગપત જિલ્લાનો રહીશ મોહંમદ ઈરફાન ખુરશીદ(ઉ.વ.૨૪) HP-72-C-1707 નંબરની ટ્રક લઈ પસાર થઈ રહ્યો હતો. દરમ્યાન ચાલકે પોતાની ટ્રક બેદરકારીથી ગફલતભરી રીતે હંકારી લાવી રોડની રોગ સાઈડ પર ચલાવી સામેથી આવતાં ટ્રેલર નં- RJ-27-GC 5895 સાથે ધડાકાભેર અથડાઈ હતી. બન્ને ટ્રકો વચ્ચે સર્જાયેલ અથડામણમાં ઉત્તરપ્રદેશના ટ્રક ચાલક ઈરફાનનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતુ. બન્ને ટ્રક વચ્ચે સર્જાયેલ અકસ્માત એટલો ગમખ્વાર હતો કે બન્ને ટ્રકોનો ખૂરદો નીકળી ગયો હતો. ઘટનાને પગલે સામેના ટ્રેલરમાં સવાર અન્ય મુસાફરોના શરીરે પણ ગંભીર ઈજાઓ પહોચી હતી. અકસ્માતની જાણ બાયડ પોલીસને કરાતાં પોલીસે ઘટના સ્થળે પહોચી ઘાયલ સારવાર અર્થે ખસેડી અકસ્માત અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના પટેલનગરમાં પ્રાથમિક સુવિધા મુદ્દે મહિલાઓનું ચક્કાજામ

જામનગર, જામનગરના રણજીત સાગર રોડ ઉપર વિકાસ થઇ રહ્યો છે પરંતુ અનેક વિસ્તારો એવા છે કે જયાં પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી નથી. જેના કારણે આજે રોષે ભરાયેલ આ વિસ્તારની મહિલાઓએ માનવ સાંકળ રચી ભારે ચક્કાજામ કરી દેતા તંત્ર દોડતું થઇ ગયું હતું અને પોલીસ કાફલો પણ દોડી ગયો હતો. મહિલાઓએ થાળી વગાડી વિરોધ વ્યકત કર્યો હતો. આ બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર, જામનગરના રણજીતસાગર રોડ ઉપર છેક લાલપુર બાયપાસ સુધી અનેક સોસાયટીઓ તેમજ કોમર્શીયલ સંકુલો બની ગયા છે. મુખ્ય માર્ગો પણ સી.સી.રોડના બનાવાયા છે. પરંતુ સોસાયટીઓમાં રોડ, ગટર, પાણી કે લાઇટ જેવી પાયાની.

સુવિધા આપવામાં ન આવતા વારંવાર રજૂઆતો કરવા છતાં કોર્પોરેશનના સતાધિશો દ્વારા કોઇ ધ્યાન ન દેવાતા અંતે આજે લોક રોષ ભડકી ઉઠયો હતો અને ભરબપોરનાં મોટી સંખ્યામાં મહિલાઓ થાળી અને વેલણ સાથે હર્ષદ મીલની ચાલીના મેઇન હાઇવે રોડ ઉપર ઉતરી આવી હતી અને માનવ સાંકળ રચી ચક્કાજામ કરી દીધો હતો. બનાવની જાણ થયા બાદ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને લોકોને સમજાવટથી રવાના કર્યા હતા. બાદમાં નગરસેવક યુસુફભાઇ ખફીની ઓફિસે પણ લોકોએ ઘેરાબંધી કરતા પોલીસ કાફલો ત્યાં પણ પહોંચી ગયો હતો. આ વિસ્તારમાં એટલે કે પટેલનગર સહિત નીલકંઠનગરની અંદરના વિસ્તારમાં રોડ રસ્તા કે લાઇટ સહિતની સુવિધા આપવામાં આવેલ ન હોય ચોમાસામાં લોકોને ઘરની બહાર નીકળવું ભારે થઇ પડે છે. ત્યારે વારંવારની રજૂઆતો કરવા છતાં તંત્રએ કોઇ ધ્યાન ન દેતા આજે મહિલાઓને રોડ ઉપર ઉતરવાની ફરજ પડી હતી.

## ટ્રકની પાછળ કાર-એકટીવા ઘૂસી જતાં અકસ્માત

# લાંભા પાસે ત્રિપલ અકસ્માત સર્જાતા ૩ લોકોના મોત

અમદાવાદ, શહેરમાં અકસ્માતના બનાવો દિવસેને દિવસે વધી રહ્યા છે. તેમાં પણ છેવાડાના વિસ્તારો તેમજ એસ.પી. રિંગ રોડ પર પુરઝડપે વાહન ચલાવતા વાહનચાલકોના કારણે રોજ એકાદ બે અકસ્માતના બનાવો બને છે. જેના કારણે નિર્દોષ રાહદારી અને વાહનચાલકોનાં મોત થાય છે. મોડી રાતે લાંભા ગામના વળાંક પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઉભી રહેલી એક ટ્રકની પાછળ કાર અને એકટીવા ઘૂસી જતાં કારચાલક અને એક્ટિવાચાલક સહિત ત્રણનાં મોત થયાં હતા. જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી અને ત્રણ જણાંના મોતના સમાચાર જાણી સ્થાનિકોમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી હતી. આ જ પ્રકારે અકસ્માતના અન્ય એક બનાવમાં, ભાડજ રિંગરોડ પર બોલેરો કાર અને બાઇકચાલક વચ્ચે અકસ્માત સર્જાતાં બાઇકચાલક અને તેના મિત્રનું ઘટનાસ્થળે મોત થયું હતું. દરમ્યાન શાહપુર વિસ્તારમાં આવેલા મિલ કમ્પાઉન્ડમાં રહેતા ઈસ્માઈલ મહમદયુસુફ કુરેશીએ કે ડિવિઝન પોલીસ સ્ટેશનનાં અકસ્માતની ફરિયાદ નોંધાવી હતી. ઈસ્માઈલનો ભાઇ બદીયુઝમા મહમદયુસુફ કુરેશી મિલ કમ્પાઉન્ડમાં તેમની પત્ની, એક પુત્ર અને એક પુત્રી સાથે રહે છે અને કન્ટ્રક્શનને વેપાર કરે છે. ગઇકાલે બદીયુઝમા મીરજાપુર વિસ્તારમાં આવેલ નવાવાસમાં રહેતા અને પશુપાલનનો ધંધો કરતા તેમના મિત્ર મહમદ અખતર મહમદ કુરેશી સાથે ખેડામાં આવેલા એક ફાર્મહાઉસ પર ગયા હતા. મહમદ અખતરના આ ફાર્મહાઉસમાં પશુપાલનનો ધંધો થતો હોવાથી બન્ને મિત્રો એક્ટિવા લઇને ખેડા ગયા હતા. ફાર્મહાઉસનું કામ પતાવીને બન્ને જણા પરત આવતા હતા ત્યારે અસાલાલીથી નારોલ જવાના રોડ પર તેમને અકસ્માત નડ્યો હતો. બદીયુઝમાં એક્ટિવા ચલાવતા હતા ત્યારે એક સ્વીફ્ટ કારનો ચાલક પુરઝડપે આવ્યો હતો. ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર એક્ટિવા સાથે અથડાઇ હતી. કારની સ્પીડ એટલી બધી વધારે હતી કે, એક્ટિવાને ટક્કર મારતા બદીયુઝમાં અને મોહમદ અખતર રસ્તા પર ઉભેલી ટ્રકમાં એક્ટિવા સાથે ઘૂસી ગયા હતા. કારની અડફેટ બાદ ટ્રકની નીચે આવી જતા બન્ને મિત્રોના ઘટના સ્થળે કમકમાટીભર્યા મોત થયા હતાં. તો બીજી તરફ કાર ચાલક પણ ટ્રકની પાછળ ઘુસી જતા તેનું પણ ઘટના સ્થળે મોત થયુ હતું. અકસ્માતની જાણ નારોલ પોલીસ તેમજ કે ડિવિઝન ટ્રાફિક પોલીસને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ત્રણેયની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપી હતી. દરમ્યાન એસપી રિંગ રોડ પર ભાડજ સર્કલ નજીક બોલેરો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. રોંગ સાઈડમાં આવતાં બોલેરો ચાલકે બંને બાઈકસવારને અડફેટે લીધા હતા. સચદેવ ભંડારી અને મનવીર લુહાર નામના બંને યુવકનાં આ અકસ્માતમાં કરૂણ મોત નીપજયા હતા. અકસ્માત બાદ બોલેરો ચાલક નાસી છૂટ્યો હતો. એ ડિવિઝન ટ્રાફિક પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# કાયમી કરવાની માંગ સાથે મહેસાણા જિલ્લાની આશાવર્કરોએ હડતાળ પાડી

મહેસાણા, કાયમી કરવા સહિતની વિવિધ માગણીઓ સાથે મહેસાણા જિલ્લાની આશાવર્કર બહેનોએ ગુરુવારથી હડતાળ પર ઉતરી જિલ્લા પંચાયતમાં અડીંગો જમાવ્યો હતો અને આ બાબતે લેખિત રજૂઆત પણ કરી હતી. આરોગ્ય કર્મીઓની હડતાળ ૧૩ દિવસે સમેટાયા બાદ હવે આરોગ્ય વિભાગમાં જ ઈન્સેન્ટીવ આધારે ફરજ બજાવતી આશાવર્કર બહેનોએ હડતાળનું હથિયાર ઉગામ્યું છે. મહેસાણા જિલ્લાની આશાવર્કર બહેનો ગુરુવારે હડતાળ પર ઉતરી જિલ્લા પંચાયતમાં એકઠી થઈ હતી.

રમીલાબેન સહિત આશાવર્કર બહેનોએ જણાવ્યું હતું કે, શ્રમયોગી સ્વાવલંબન યોજના અંતર્ગત વીમામાં ૪૦ વર્ષથી વધુ ઉંમરની બહેનોનો સમાવેશ કરાયો નથી. ૮૦ ટકા બહેનો ૪૦ વર્ષથી મોટી ઉંમરની હોઈ તેઓ વિવિધ રોગને લગતા સર્વે કરવા પણ જાય છે ત્યારે ઉંમરનો બાધ કાઢી નાખવો જોઈએ. ઉપરાંત ઈન્સેન્ટીવ પણ ૫૦ ટકા વધારો કર્યો તે મુજબ દરેક વર્ષે મળવું જોઈએ. દરેક કામગીરી માટે ઈન્સેન્ટીવની અમારી માગણી છે.

મિટીંગ હોય ત્યારે અગાઉથી જાણ કરવામાં નથી આવતી જેથી આગળના દિવસે મિટીંગની જાણ કરવામાં આવે અને વધુ મિટીંગ થાય તો ઈન્સેન્ટીવ આપવામાં આવે, લઘુત્તમ વેતનધારા મુજબ વેતન આપે અથવા તો કાયમી કર્મચારી તરીકે સમાવવાની અમારી માગણી છે. આશાવર્કર બહેનોએ તેમની સાથે થઈ રહેલા અન્યાય અંગે ભારે રોષ વ્યક્ત કરતાં જિલ્લા પંચાયત સંકુલમાં હોબાળો મચી જવા પામ્યો હતો.

# ધાનેરામાં ૫ માર્ચથી પાલિકા સફાઇ કર્મીઓની હડતાળ

ધાનેરા, નગરપાલિકાના સફાઇ કામદારોને પડતી મુસ્કેલીઓ બાબતે અવાર નવાર સરકારને રજુઆતો કરવા છતાં સરકાર દ્વારા સફાઇ કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં ગુજરાત સફાઇ કામદાર મહામંડળ દ્વારા ચાર દિવસ સરકાર વિરોધી કાર્યક્રમ પછી જો માંગણી પુરી ના થાય તો ગુજરાતની તમામ નગરપાલિકાના સફાઇ કામદારો અચોક્ક?સ મુદ્દતની હડતાલ ઉપર જવા માટેનુ આવેદનપત્ર તમામ નગરપાલિકાઓ તેમજ પ્રાંત અધિકારીને આપવામાં આવેલ છે.

ધાનેરામાં પણ વાલ્મીકી સમાજના કામદારો દ્વારા મામલતદાર બી.એસ.ખરાડી તેમજ પાલિકા અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. ધાનેરા વાલ્મીકી સફાઇ કામદાર મંડળના અગ્રણી ભીખાભાઇ વાલ્મીકીએ જણાવેલ કે અમારા રાજ્યના મંડળના આદેશ મુજબ ૧ માર્ચથી તમામ કાળી પટ્ટી ધારણ કરશે, ૨ માર્ચના રોજ કામ ઉપર જતા પહેલા ન્યાય માંગતા સુત્રોચાર કરવામાં આવશે.

૩ અને ૪ માર્ચના રોજ દરેક સફાઇ કર્મચારી પોતાના ઘરેથી નિકળી નગરપાલિકા સુધી સૂત્રોચ્ચાર કરશે અને જો માંગણી પુરી નહી થાય તો ૫ માર્ચથી ગુજરાતના નગરપાલિકાના તમામ કર્મચારીઓની સાથે સાથે ધાનેરાના સફાઇ કામદારો અચોક્ક?સ મુદ્દતની હડતાલ ઉપર જશે અને જે બાબતની જાણ નગરપાલિકા તેમજ સરકારને કરી દેવામાં આવી છે ત્યારે લાંબા સમયથી પાલિકાના સફાઇ કર્મીઓ રજૂઆતો કરી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફ્લૂએ ભરડો લીધો

મોડાસા, બદલાયેલા વાતાવરણને પગલે અરવલ્લી જિલ્લામાં લોકોના આરોગ્ય ઉપર માઠી અસરો પડી રહી છે. શરદી, ખાંસી, તાવ, ઝાડા, ઉલટી સહિતની બિમારીઓથી કેટલાય લોકો પિડાઈ રહ્યા છે. ત્યારે જિલ્લામાં સ્વાઈન ફ્લૂ પણ જાણે માથુ ઉંચકી રહ્યો હોય તેમ દિવસે ને દિવસે કેસોમાં વધારો થતો જાય છે. અરવલ્લી જિલ્લામાં બે માસ દરમિયાન સ્વાઈન ફ્લૂના શંકાસ્પદ ૬૦ અને ૨૩ પોઝીટીવ કેસ સરકારી ચોપડે નોંધાયા છે ત્યારે જિલ્લાના પ્રજાજનો સ્વાઈનફ્લૂથી ડર અનુભવી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં ભારે ફેરફાર આવી રહ્યા છે. ઠંડી, ગરમી અને વરસાદ સહિતના ફેરફારો અરવલ્લી જિલ્લામાં ટુંકા ગાળામાં જ થયા છે. વાતાવરણ અસંતુલીત તેમજ ભેજવાળુ બનવાને કારણે શરદી, ખાંસી, ઝાડા, ઉલટી, તાવ સહિતની બિમારીઓ સામાન્ય રીતે જોવા મળે છે. પરંતુ ભેજવાળું અને ઠંડુ વાતાવરણ સ્વાઈન ફ્લૂ જેવી બિમારીઓને વધુ વેગવાન બનાવે છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે માસ દરમિયાન સ્વાઈન ફ્લૂના ૬૦ શંકાસ્પદ કેસ જોવા મળ્યા હતા. જયારે સ્વાઈન ફ્લૂ પોઝીટીવ ૨૩ કેસ તો સરકારી ચોપડે નોંધાયા છે. ત્યારે ખાનગીકક્ષાએ બિમારી કેટલી હશે તે પણ વિચારવા જેવું છે. સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ સ્વાઈનફ્લૂ વધતો જોવા મળી રહ્યો હોવાથી લોકોમાં ડરનો માહોલ ફેલાયો છે. નોંધનીય છે કે, બદલાતાં વાતાવરણને પગલે પંથકની પ્રજા નાના મોટા અનેક રોગોમાં સપડાતાં ખાનગી તેમજ સરકારી દવાખાનામાં દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. જેમાં સ્વાઈનફલૂના કેસોમાં થયેલા નોંધપાત્ર વધારાને પગલે અરવલ્લી પંથકની પ્રજામાં ભારે ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે ત્યારે આ બાબતે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા યોગ્ય પગલા લઇ વધી રહેલા સ્વાઈનફલૂના કેસો પર નિયંત્રણ લાવવું જરૂરી બન્યું છે.

# થરાદ દેનાબેંક દ્વારા કેસ કરવાની ધમકી મુદ્દે રજૂઆત

થરાદ, થરાદની દેનાબેંકના મકાનના માલિકે ભાડાના મુદ્દે દેનાબેંકનું શટર પાડતાં કર્મચારીઓ અને ગ્રાહકોને બહાર આવવાની નોબત સાથે બપોર સુધી કામગીરી બંધ રહેતાં ગ્રાહકોને ભારે હાલાકીઓ ભોગવવી પડી હતી.જોકે આ બાબતે દુકાન માલિકોએ એગ્રીમેન્ટ પુરુ થવા છતાં પણ બેંક મકાન ખાલી પણ કરતી નથી અને ભાડું પણ આપતી નથી ઉલટાની પોલીસ અને કોર્ટકેસની ધમકી આપતી હોવાની રજુઆત પ્રાંત અધિકારી પાસે ન્યાયની માંગણી કરવામાં આવી હતી.

વાવ તાલુકાના મોરીખા ગામના રાયમલભાઇ ખેમજીભાઇ ચૌધરી અને થરાદના ડોડગામના વાઘજીભાઇ ગણેશભાઇ પટેલે થરાદના વિજય બિઝનેશના પહેલા માળે આવેલી પોતાની માલિકીની ૬૯ થી ૭૫ નંબરની સાત દુકાનો માસિક ૭૦ હજારના ભાડેથી થરાદની દેનાબેંકને આપી હતી.જો કે હવે શોપીંગનો વિકાસ અને માણસોનો ઘસારો વધતાં આજુબાજુની અન્ય દુકાનોનું સરેરાશ માસિક ભાડું ૧૦ હજાર ચાલી રહ્યું છે.આથી તેઓ પણ તેમને વધુ ભાડું મળે તેવી અપેક્ષા રાખી રહ્યા છે.

બીજી બાજુ એગ્રીમેન્ટ તા.૩૦/૧૧/૨૦૧૮ના રોજ પુરુ થતાં માલિકોએ ગત તા.૦૮/૦૫/૨૦૧૮ના રોજ બેંકને અરજી કરી એગ્રીમેન્ટ પુરુ થતાં મકાન ખાલી કરવા અથવા ભાડું વધારીને રકમ આપવાની માંગણી પણ કરી હતી. જે પુર્ણ નહી થતાં ગત મંગળવારે સવારે ચાલુ કરવામાં આવે તે પહેલાં જ રોષે ભરાયેલા માલિક દ્વારા બેંકનું શટર પાડીને ચાવીઓ લઇ લેતાં કર્મચારીઓને બેંકની બહાર ઉભા રહેવાની નોબત આવી હતી.આવી જ હાલત ગ્રાહકોની પણ થવા પામી હતી. આ બનાવના પગલે બ્રાન્ચના ઈન્ચાર્જ મેનેજર સિંઘ પોલીસ મથક અને ત્યાર બાદ પ્રાંતકચેરીએ પણ દોડી ગયા હતા.જ્યાં સમજાવટ બાદ આખરે બપોરે બેંકનું તાળું ખોલાયું હતું.જો કે આ અંગે માલિકોએ બ્રાન્ચમેનેજરને લેખિત રજુઆત કરી હતી.જેમાં બેંક દ્વારા આજ સુધી મકાન ખાલી પણ કરાતું નથી કે વધુ ભાડું પણ આપવામાં આવતું નથી.વળી બેંકને ભાડા બાબતે કે ખાલી કરાવવા બાબતે રજુઆત કરતાં પોલીસ અને કોર્ટકેસની ધમકી આપતી હોવાની રજુઆત કરી ન્યાય અપાવવાની વિનંતી કરી હતી.

**Public Notice**

Notice is hereby given that at the time of incorporation of FCRI Technology (India) LLP due to error/technical reasons the state was selected as Dadra and Nagar Haveli instead of Gujarat and to ractify the error and as required under U/s. 13 of the Limited Liability Partnership Act, 2008 a notice will be sent to the Registrar by FCRI Technology (India) LLP for seeking change of its registered office from Office No. 807, Safal Prelude, Opp. Collection Trading Centre, Corporate Road, Prahladnagar Ahmedabad 380015, state of Dadra & Nagar Haveli to B-1101, West Gate, Nr. YMCA Club, Sur. No. 835/1+3, S.G. Highway, Makarba, Ahmedabad 380015, in state of Gujarat. Any person whose interest is likely to be affected by the proposed change may intimate to the registrar within 21 days of the date of publication of this notice, the nature of interest and grounds of opposition, if any with a copy to the FCRI Technology (India) LLPat its registered office.

For and on behalf of FCRI TECHNOLOGY (INDIA) LLP
Sd/-
Gautamkumar K. Bhanvadia
Designated Partner (DIN 00470478)

Date: 28.02.2019
Place: Ahmedabad

**INDOSTAR CAPITAL FINANCE LTD.**
**Address:-** One Indiabulls Centre, 20th Floor, Tower 2A, Jupiter Mills Compound, Senapati Bapat Marg, Mumbai – 400013. India
**Email:** -sme@indostarcapital.com

નિયમ ૮(૧) હેઠળ
કબ્જા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

આથી, નીચે સહી કરનાર **ઈન્ડોસ્ટાર કેપીટલ ફાયનાન્સ લી.ના** અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકંસ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (ઈનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪)ના રૂલ ૩ સાથે વાંચતા સેક્શન ૧૩(૧૨) હેઠળ, **તારીખ ૧૨-૧૨-૨૦૧૮** ના રોજ એક **માંગણા નોટીસ** આપી (કરજદાર(રો)**શ્રી તિરૂપતિ એનર્જી સોલ્યુશન્સ પ્રાઇવેટ લિમિટેડ**ને નોટીસમાં જણાવેલ એકાઉન્ટ નં.૧. રૂા.૧,૫૬,૨૯,૦૨૭/- **(શબ્દોમાં રૂપિયા એક કરોડ છપન લાખ ઓગણત્રીસ હજાર સતાવીસ પુરા) એકૂઉન્ટ નં. ૨ અને ૩ રૂા. ૧,૬૨,૦૭,૬૨૫/- (શબ્દોમાં એક કરોડ બાસઠ લાખ સાત હજાર છસો પચ્ચીસ પુરા)** જણાવેલ નોટીસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવણી કરવા જણાવવામાં આવ્યું હતું.

કરજદાર નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ ચુકવવામાં નિષ્ફળ જતા અહી કરજદાર/ જામીનદાર અને સામાન્ય લોકોને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના સેક્શન ૧૩ની પેટા કલમ (૪) સાથે નિયમ ૮ વાંચતા તેના હેઠળ મળેલી સત્તા હેઠળ **૧૮ફેબ્રુઆરી, ૨૦૧૯ના** રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/ તેણી નામે રહેલ મિલ્કતનો કબ્જો લીધો છે.

કરજદાર અને ખાસ કરી આમ લોકોને અહી મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર નહીં કરવા ચેતવણી આપવામાં આવે છે અને જો મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર **ઈન્ડોસ્ટાર કેપીટલ ફાયનાન્સ લી.**ને તાબામાં **રૂા.૩,૧૮,૩૬,૬૫૨/-** અને બાકીનું વ્યાજ જે કોઈ હોય તો તેના અધિન રહેશે.

કરજદારના એ ધ્યાનમાં રહે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે.

**સ્થાવર મિલ્કતનો વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો મુકેલ **મિલકત૧- ફ્લેટ નં. બી-૭૦૧- એરિયા ૨૦૬૫ સ્કેવર ફીટ, શિવનન્દન, આર.એસ.નં. ૩૭૯/૧, અને ૩૭૯/૨, બ્લોક નં. ૪૨૩, ટી.પી.એસ નં.૨, એફ.પી.નં. ૧૩૩, વેસુ સુરત-૩૯૫૦૦૭- વીઆઈપી હાઈ સ્કુલ પાછળ.**

**મિલકત૨- ફ્લેટ નં., બી-૭૦૨- એરિયા ૨૦૧૦ સ્કેવર ફીટ, શિવધારા, આર.એસ. નં. ૬૨/૧, ટી.પી.એસ. નં.૦૪, એફ.પી. નં.૨૦, સી.એસ.નં.૪૨૭/એ, મગદલ્લા રોડ રૂન્દ સુરત વીઆર મોલ પાછળ,**

**મિલકત -૩- શોપ નં. ૧૦૦૭, ૧૦૨૪, ૧૦૭૭, ૧૧૮૦, ૧૧૮૯, ૨૦૧૧, ૨૦૮૮, ૨૦૯૦, ૨૨૧૧ રાજમહેલ મોલ ગોડાદરા ડિન્ડોલી સુરત વોટર ટેંક સામે.**

**મિલકત-૪- શોપ નં. ૧૧૪૬,૧૧૭૦,૧૧૭૧,૧૧૭૨,૧૧૭૯ રાજમહેલ મોલ, વોટર ટેંક સામે,ગોડાદરા વોટર ટેંક સામે ગોડાદરા ડિન્ડોલી સુરત.**

**ફ્લેટ નં. બી-૭૦૧, ફ્લેટ નં. બી-૭૦૨,**

**તેની ચારે બાજુ:**

**ઉત્તરે** -ઓટીએસ ઓન ધ નોર્થ બાય: ઓટીએસ
**દક્ષિણે** : સ્ટેઅર ઓન સાઉથ બાય : લિફ્ટ/પેસેઝ
**પૂર્વે** : પૈસેજ ઓન ઈસ્ટ બાય: ફ્લેટ નં. ૭૦૧
**પશ્ચિમે**- ઓટીએસ ઓન ધ વેસ્ટ બાય : ઓટીએસ.

સહી/- (સંજય સોનાર)
અધિકૃ અધિકારી
ઈન્ડોસ્ટાર કેપીટલ ફાયનાન્સ લીમીટેડ

**તારીખ :** ૦૨.૦૩.૨૦૧૯
**સ્થળ :** મુંબઈ